<u>કૉમ્પ્યુટર કૌશલ્યની સીસીસી / સીસીસી</u>
<u>પ્લસ પરીક્ષા પાસ કરવા અંગે.</u>

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ.૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧/૧/૨૦૧૧

વંચાણે લીધા :- (૧) સા.વ.વિ.નું તાઃ ૩૦-૯-૨૦૦૬નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક.

(૨) સા.વ.વિ.નો તાઃ ૩૦-૯-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક.

(૩) સા.વ.વિ.નું તાઃ ૩૦-૪-૨૦૦૭નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૭-૦૮-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક.

(૪) સા.વ.વિ.નું તાઃ ૨૦-૯-૨૦૦૭નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૭-૨૩-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક.

(૫) સા.વ.વિ.નું તાઃ ૨૩-૬-૨૦૦૮નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૮-૭-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક.

(૬) સા.વ.વિ.નું તાઃ ૨૪-૧૨-૨૦૦૮નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૮-૧૮-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક.

(૭) સા.વ.વિ.નું તાઃ ૨૫-૬-૨૦૦૯નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૯-૨૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક.

(૮) સા.વ.વિ.નું તાઃ ૨૧-૧-૨૦૧૦નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૦-૩-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક.

(૯) સા.વ.વિ.નું તાઃ ૩૦-૬-૨૦૧૦નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૦-૩૨-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક.

(૧૦) સા.વ.વિ.નું તાઃ ૧-૧-૨૦૧૧નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૧-૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક.

## <u>પ રિ પ ત્ર :</u>

કૉમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર સરકારી કર્મચારીઓ / અધિકારીઓએ બઢતી મેળવવા માટે કૉમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત સીસીસી / સીસીસી પ્લસની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઇ, ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે પણ આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં, સરકારી કર્મચારીઓ / અધિકારીઓને કૉમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ

મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવીને કૉમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા તાઃ ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરી શકાશે, તેવી પ્રારંભમાં જોગવાઇ કરવામાં આવેલ હતી, જે મુદત વખતોવખત લંબાવવાનાં આવેલ છે અને હવે ઉપર વંચાણે લીધેલ ક્રમ : (૧૦) આગળના તાઃ ૧/૧/૨૦૧૧ના જાહેરનામાથી તે મુદત તાઃ ૩૦-૬-૨૦૧૧ સુધી લંબાવવામાં આવેલ છે. **આ મુદત હવે તાઃ ૩૦-૬-૨૦૧૧ પછી નહીં લંબાવવાનો પણ સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.** સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે :-

(૧) જે કર્મચારીઓ / અધિકારીઓને છેલ્લે તાઃ ૩૧/૧૨/૨૦૧૦ સુધીમાં સી.સી.સી. / સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી સી.સી.સી. / સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાની બાકી છે તેવા કર્મચારીઓ / અધિકારીઓએ તાઃ ૩૦/૬/૨૦૧૧ સુધીમાં, અથવા તેમની વયનિવૃત્તિની તારીખ, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીમાં, આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો / ખાતાના વડાઓ / કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતા યાદી તૈયાર કરી, તેમને સી.સી.સી. / સી.સી.સી. પ્લસની તાલીમમાં મોકલવા માટે **પ્રથમ અગ્રતા** આપવાની રહેશે.

(૨) જે કર્મચારીઓ / અધિકારીઓને તાઃ ૧/૧/૨૦૧૧ કે ત્યારબાદ સી.સી.સી. / સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે તેવા કર્મચારીઓ / અધિકારીઓએ પણ તાઃ ૩૦/૬/૨૦૧૧ સુધીમાં અથવા તેમની વયનિવૃત્તિની તારીખ, એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીમાં આ પરીક્ષા પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો / ખાતાના વડાઓ / કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતા યાદી તૈયાર કરી, તેમને સી.સી.સી. / સી.સી.સી. પ્લસની તાલીમમાં મોકલવા માટે **દ્વિતીય અગ્રતા** આપવાની રહેશે.

(૩) તાઃ ૧/૭/૨૦૧૧ના રોજથી જેમણે સી.સી.સી. / સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ કર્મચારીઓ / અધિકારીઓના કેસમાં બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા વિચારણા કરવાની રહેશે. અને જેઓએ આવી પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહિ.

૨.  સચિવાલયના સર્વે વિભાગોને ઉક્ત સુચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવા આથી સૂચના આપવામાં આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના અધિકારીઓ / કર્મચારીઓના ધ્યાને લાવવાની રહેશે).

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જેએમજોશી
( જે.એમ.જોશી )
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
માન. મંત્રીશ્રી / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
માન. સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશો.
મુખ્ય સચિવશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

ઉપ સચિવશ્રી, કૉમ્પ્યુટર સેલ, સા.વ.વિ. સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / ગાંધીનગર.
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉક્ત સૂચનાઓ તેમની હેઠળના કચેરીઓના વડાઓને મોકલવાની વિનંતી સાથે).
રાજય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.

સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ.
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજય લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫.
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સીલ ઓફ વૉકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર.
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે.
એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ -GSWAN પર પ્રસિધ્ધિ અર્થે.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
સિલેકટ ફાઇલ.
સિલેકટ ફાઇલ / ક - શાખા.

પત્ર દ્વારા.